# સુરત મહાનગરપાલિકા

આર.વી.ગામીત
અપીલ અધિકારી
અને
કાર્યપાલક ઈજનેર

ટ્રાફિક સેલ
બીજો માળ, આંબેડકર શોપીંગ સેન્ટર,
રીંગરોડ, સુરત.
ફોન નં. : ૦૨૬૧–૨૩૫૧૬૫૨
મો.નં.૦૯૭૨૪૩૪૫૨૧૨
ઈ–મેઈલ આઈ.ડી.:–
exen.traffic@suratmunicipal.org

**<u>અપીલ અરજી નં.૧</u>**

ટ્રાફિક સેલ આ.નં.૪૫૨
તા.૨૭/૦૫/૨૦૧૬

**અરજદાર :–** શ્રી કૃપાશંકર મિશ્રા,

**સામાવાળા :–** ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફિક સેલ, સુરત મહાનગરપાલિકા, સુરત.

**<u>વિષય:–</u>** (૧) માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી કૃપાશંકર મિશ્રાની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૧૬૬૯ તા.૧૧/૦૩/૨૦૧૬.
(૨) ડે.ઈજનેર અને પી.આઈ.ઓ. ઈસ્ટઝોન (વરાછા)ના પત્ર નં.આરટીઆઈ સેલ/આઉટ નં.૧૮૬૧ તા.૧૫/૦૩/૨૦૧૬.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૧૬૬૯ તા.૧૧/૦૩/૨૦૧૬ અન્વયે અપીલ અરજી તા.૨૫/૦૪/૨૦૧૬ સીસીસી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૪૩ અત્રેના ટ્રાફિક સેલ ખાતામાં તા.૦૩/૦૫/૨૦૧૬ ઈન.નં.૩૨૯ થી મળેલ છે જે અપીલ અરજી તા.૦૩/૦૫/૨૦૧૬ કોહળાબ.ળટ્રાફિક સેલ/૦૧/૨૦૧૬–૧૭ (અપીલ અરજી રજીસ્ટર મુજબ).

**ફરીયાદની હકીકત :–**

અરજદારશ્રી કૃપાશંકર મિશ્રા માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ મે.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદેશીને કરવામાં આવેલ હતી. જે નાગરિક સુવિધા કેન્દ્ર પૂર્વ ઝોન (વરાછા) ઈનવર્ડ નં.૧૪૧૪ તા.૧૧/૦૩/૨૦૧૬ થી મળેલ જે ડે.ઈજનેર અને પી.આઈ.ઓ. ઈસ્ટઝોન (વરાછા) એ માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૧૬૬૯ તા.૧૧/૦૩/૨૦૧૬ થી સદર અરજી અત્રે ટ્રાફિક સેલમાં તા.૧૭/૦૩/૨૦૧૬નાં રોજ મળેલ છે.

અરજદાર અરજીના મુદા નં.૧ થી ૬ માં અરજદારે સહારા દરવાજાથી માનદરવાજા સુધી આઠ ફુટથી વધારે રીંગરોડનાં બન્ને બાજુ પીળા પ । પાડવામાં આવેલ છે જે માલવાહક વાહનો તથા વેપારીઓના વાહનોને પાર્કિંગ કરવા માટે આરક્ષણ આપવામાં આવેલ છે તથા લારી ગલ્લાવાળાની પાસે દંડ વસુલવામાં આવે છે. તે બાબતે મુદાસર માહિતી માંગેલ જેનાં અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીનાં ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં.૯૩ તા.૦૭/૦૪/૨૦૧૬ મુજબ અરજદારને મુદાસર જવાબ પાઠવેલ હતાં તેમાં અરજદારનાં મુદા નં.૪ માં જણાવેલ માહિતી બાબતે નકલોનાં પૈસા ભરી મેળવવા જણાવેલ હતું.

અરજદારે માંગેલ માહિતી અપૂરતી અને મુદાસર જવાબ સમજણ બહાર હોવાનું રજુઆત કરી તા.૨૫/૦૪/૨૦૧૬ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સેન્ટ્રલ ઝોન/ આઉટ/૪૩ તા.૨૫/૦૪/૨૦૧૬ થી અત્રે ટ્રાફિક સેલ ઈનવર્ડ નં.૩૨૯ તા.૦૩/૦૫/૨૦૧૬ ના રોજ મળેલ છે. જેમાં તેઓએ મળેલ મુદાઓનાં જવાબ બાબતે અસંતોષ હોવાનું જણાવેલ છે.

અરજદારને તેમની અપીલ અરજી બાબતે રૂબરૂ સાંભળવા માટે તેમજ તેમની રજુઆત માટે તા.૨૦/૦૫/૨૦૧૬ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે અરજીની મૂળ નકલ સહિત રજુ કરવાના પુરાવા સહિત રૂબરૂ હાજર રહેવા જણાવેલ પરંતુ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી અન્ય મીટીંગમાં જવાના હોવાથી તેમને ટેલીફોનીક સંદેશા ધ્વારા તા.૨૩/૦૫/૨૦૧૬ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે હાજર રહેવા જણાવેલ.

તા.૨૩/૦૫/૨૦૧૬ નાં રોજ અરજદાર કૃપાશંકર મિશ્રા અપીલ અધિકારી તેમજ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સમક્ષ , ટ્રાફિક સેલ, બીજે માળ, આબેડકર શોપીંગ સેન્ટર, સુરત ખાતે રૂબરૂમાં હાજર થયા હતાં. અરજદારને તમામ મુદાઓ બાબતે વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ છે અને રૂબરૂ સુનાવણીમાં તેમને સાંભળવામાં આવ્યા હતાં. વોલ માર્ટ ટીમનાં રીપોર્ટની નકલ તેમને નિરીક્ષણ કરાવવામાં આવેલ અને તેમની નકલ પૈસા ભરતા અરજદારશ્રીને આપવામાં આવેલ છે. અપીલ અરજી બાબતે સહારા દરવાજા થી માનદરવાજા સુધી આઠ ફુટથી વધારે રીંગરોડનાં બન્ને તરફ પીળા પ । બાબતે લેવાયેલ નિર્ણય અંગે આસી.પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક,

ફોસ્ટા તથા ખાતાકીય રીતે સ્થળ ઉપર નિરીક્ષણ કરી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે માલવાહક વાહનોને વ્યવસ્થિત ઉભા રાખવામાં આવે તે હેતુથી પીળા પ । પાડવામાં આવેલ છે અને જયારે રોડ સેફટી કાઉન્સીલમાં ટ્રાફિક સમસ્યાના નિવારણ બાબતે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી સાથે સંકલનમાં રહી જે તે કામગીરી કરવામાં આવે છે તેની સમજણ આપવામાં આવેલ. વધુમાં, વોલમાર્ટ માટે સુરત મહાનગરપાલિકા અલગથી નિમણૂંક કરેલ નથી અને તેઓને કોઈ વળતર ચુકવેલ નથી તેમનાં અન્ય પ્રશ્નો બાબતે મે.કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાને અલગથી અરજી કરવાની સમજણ આપવામાં આવેલ છે. જે અરજદારને સંતોષ થતા અરજદારે લેખિત સંમતી આપેલ છે.

**હુકમ**

અરજદારશ્રી કૃપાશંકર મિશ્રા અપીલ અરજી બાબતે ટ્રાફિક સેલને લગતા પીળા પ । બાબતે પુરતી સમજણ આપતા અરજદારને સંતોષ થતાં તેમણે આપેલી લેખિત સંમતિના આધારે અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ

સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

આર.વી.ગામીત
અપીલ અધિકારી
અને
કાર્યપાલક ઈજનેર

ટ્રાફિક સેલ
બીજો માળ, આંબેડકર શોપીંગ સેન્ટર,
રીંગરોડ, સુરત.
ફોન નં. : ૦૨૬૧–૨૩૫૧૬૫૨
મો.નં.૦૯૭૨૪૩૪૫૨૧૨
ઈ–મેઈલ આઈ.ડી.:–
exen.traffic@suratmunicipal.org

**અપીલ અરજી નં.૧ ની (બીજી અપીલ)**

ટ્રાફિક સેલ આ.નં.૬૬૬
તા. ૦૨/૦૭/૨૦૧૬

**અરજદાર :–** શ્રી કૃપાશંકર મિશ્રા,

**સામાવાળા :–** ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફિક સેલ, સુરત મહાનગરપાલિકા, સુરત.

**વિષય:–** (૧) માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી કૃપાશંકર મિશ્રાની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૧૬૬૯ તા.૧૧/૦૩/૨૦૧૬.
(૨) ડે.ઈજનેર અને પી.આઈ.ઓ. ઈસ્ટઝોન (વરાછા)ના પત્ર નં.આરટીઆઈ સેલ/આઉટ નં.૧૮૬૧ તા.૧૫/૦૩/૨૦૧૬.

**સંદર્ભ:–** (૧) અરજદાર મજકુરની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૧૬૬૯ તા.૧૧/૦૩/૨૦૧૬
(૨) પ્રથમ અપીલ અરજી નં.સીસીસી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૪૩ તા.૨૫/૦૪/૨૦૧૬ અત્રેના ટ્રાફિક સેલ ખાતામાં તા.૦૩/૦૫/૨૦૧૬ ઈન.નં.૩૨૯ થી મળેલ.
(૩) અરજદાર મજકુરે કરેલ મા.કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકા અરજી મધ્યસ્થ કચેરી નં.ડી/૧૦૨૨તા.૩૦/૦૪/૨૦૧૬.
(૪)અરજદાર મજકુરે કરેલ મા.કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકા અરજી કાર્યપાલક ઈજનેર અને એપ્લેટ ઓફીસર ઈસ્ટઝોન (વરાછા)ના પત્ર નં.આરટીઆઈસેલ/આઉટ/૩૪૨ તા.૦૨/૦૬/૨૦૧૬
(૫) અરજદાર મજકુરે પ્રથમ અપીલ અરજી લખી બીજી અપીલ કાર્યપાલક ઈજનેર ટ્રાફિક સેલ સુરત મહાનગરપાલિકાના ઈ.નં.૭૮૨ તા.૧૬/૦૬/૨૦૧૬.

**ફરીયાદની હકીકત :–**

અરજદારશ્રી કૃપાશંકર મિશ્રા માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ મે.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદેશીને કરવામાં આવેલ હતી. જે ડે.ઈજનેર અને પી.આઈ.ઓ. ઈસ્ટઝોન (વરાછા) એ માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૧૬૬૯ તા.૧૧/૦૩/૨૦૧૬ થી સદર અરજી અત્રે ટ્રાફિક સેલમાં તા.૧૭/૦૩/૨૦૧૬નાં રોજ મળેલ હતી. તે બાબતે મુદ્દાસર માહિતી માંગેલ જેનાં અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીનાં ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં.૯૩ તા.૦૭/૦૪/૨૦૧૬ થી અરજદારના સરનામે પાઠવી દેવામાં આવેલ.

અરજદારે માંગેલ માહિતી અપૂરતી અને મુદાસર જવાબ સમજણ બહાર હોવાનું રજુઆત કરી તા.૨૫/૦૪/૨૦૧૬ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ હતી તે અપીલ અરજી નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૪૩ તા.૨૫/૦૪/૨૦૧૬ થી અત્રે ટ્રાફિક સેલ ઈનવર્ડ નં.૩૨૯ તા.૦૩/૦૫/૨૦૧૬ ના રોજ મળેલ. તે બાબતે અરજદારને તેમની અપીલ અરજી માટે રૂબરૂ સાંભળવા માટે તા.૨૩/૦૫/૨૦૧૬ નાં રોજ બપોરે ૪.૦૦ કલાકે હાજર રહયા હતાં અને અપીલ અધિકારી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ટ્રાફિક સેલએ અરજદારના માંગેલ માહિતી બાબતે તમામ મુદ્દાઓ બાબતે વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ છે અને રૂબરૂ સુનાવણીમાં તેમને સાંભળવામાં આવ્યા હતાં. તેમની અરજીમાં જણાવ્યા મુજબ વોલ માર્ટ ટીમનાં રીપોર્ટની નકલ તેમને નિરીક્ષણ કરાવવામાં આવેલ અને સંતોષ જણાતા તેમણે સંમતિ પણ આપેલ. અરજદારે તેમની નકલનાં પૈસા ભરતા ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં.૪૫૨ તા.૨૭/૦૫/૨૦૧૬ નાં રોજ અરજદારને તેમના સરનામે ટપાલ ધ્વારા રૂબરૂ પહોંચાડવામાં આવેલ છે. અપીલ અરજી સુનાવણી દરમ્યાન તેમના પ્રશ્નો બાબતે મે.કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાને અલગથી અરજી કરવા સમજણ આપવામાં આવેલ હતી. તે મુજબ અરજદારે તા.૩૦/૦૪/૨૦૧૬ મધ્યસ્થ કચેરી નં.ડી/૧૦૨૨ થી અત્રે ટ્રાફિક સેલ ઈ.નં.૫૩૪ તા.૨૩/૦૫/૨૦૧૬ ના રોજ મળેલ. તે અરજી બાબતે નાયબ પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક શાખા અઠવાલાઈન્સ સુરતને ટ્રાફિક સેલ આઉટ

વર્ડ નં.૪૯૪ તા.૦૩/૦૬/૨૦૧૬ થી અને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનને ટ્રાફિક સેલ આ.નં.૪૯૫ તા.૦૩/૦૬/૨૦૧૬ના રોજ ટપાલ ધ્વારા આગળની કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવેલ તેની અરજદારને જાણ કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે તા.૧૬/૦૫/૨૦૧૬ નાં રોજ નાગરીક સુવિધા કેન્દ્ર પૂર્વઝોન (વરાછા) માં કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરેલ અરજી કાર્યપાલક ઈજનેર અને એપ્લેટ ઓફીસર ઈસ્ટઝોન (વરાછા)ના પત્ર નં. આરટીઆઈસેલ/આઉટ/૩૪૨ તા.૦૨/૦૬/૨૦૧૬ થી અત્રે ટ્રાફિક સેલ ઈ.નં.૬૮૯ તા.૦૩/૦૬/૨૦૧૬ થી મળેલ છે.

ઉપરોકત દરેક પત્રમાં અરજદારશ્રી કૃપાશંકર મિશ્રા એક જ બાબતે વારા ફરતી અલગ–અલગ જગ્યાએ અરજી આપી પત્ર વ્યવહાર કરતા હોય ટ્રાફિક સેલ કાર્યપાલક ઈજનેરશ્રીને કરેલ અપીલ અરજી અંગે અત્રેનાં ટ્રાફિક સેલ આ.નં.૪૫૨ તા.૨૭/૦૫/૨૦૧૬ થી હુકમ કરી દેવામાં આવેલ હતો પરંતુ તે હુકમને મારા પ્રશ્નોના જવાબ નથી અને ભ્રામક છે એવું માની ફરી વાર પ્રથમ અપીલ લખી બીજી વાર કાર્યપાલક ઈજનેર ટ્રાફિક સેલને અરજી કરેલ તે ઈ.નં.૭૮૨ તા.૧૬/૦૬/૨૦૧૬ નાં રોજ મળેલ છે. અરજદારને અપીલ અરજી બાબતે પુરતી સમજ આપવામાં આવેલ હોવા છતાં અગાઉના પ્રશ્ન અંગે રજુઆત કરેલ છે અને ફરી સુનાવણી કરવા જણાવેલ છે.

**હુકમ**

અરજદારશ્રી કૃપાશંકર મિશ્રા પ્રથમ અપીલ લખી બીજી વારની અરજી બાબતે દરેક પ્રશ્નોની અત્રેનાં ટ્રાફિક સેલને લાગત જવાબ આપી દેવામાં આવેલ હોય તેમજ દસ્તાવેજ પણ પુરા પાડવામાં આવેલ છે. અપીલ અને તેમનાં પ્રશ્નો બાબતે જે તે વિભાગને લગતાં હતાં તેમને મોકલી આપવામાં આવેલ હોવાથી આ અપીલ અંગે વધુ સુનાવણી ન કરતાં તેમની અરજી દફતરે કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

આર.વી.ગામીત
અપીલ અધિકારી
અને
કાર્યપાલક ઈજનેર

ટ્રાફિક સેલ
બીજો માળ, આંબેડકર શોપીંગ સેન્ટર,
રીંગરોડ, સુરત.
ફોન નં. : ૦૨૬૧–૨૩૫૧૬૫૨
મો.નં.૦૯૭૨૪૩૪૫૨૧૨
ઈ–મેઈલ આઈ.ડી.:–
exen.traffic@suratmunicipal.org

## અપીલ અરજી નં.૨

ટ્રાફિક સેલ આ.નં.૮૧૫
તા.૧૮/૦૭/૨૦૧૬

**અરજદાર :–** શ્રી હુંબલ દિનેશ એ.,

**સામાવાળા :–** ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફિક સેલ, સુરત મહાનગરપાલિકા, સુરત.

**વિષયઃ–** (૧) માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી હુંબલ દિનેશ એ. ની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૨૯૮ તા.૦૬/૦૫/૨૦૧૬.
(૨) એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સી.ઝેડ./આર.ટી.આઈ./સાઉથ/૨૯૮ તા.૦૯/૦૫/૨૦૧૬.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૨૯૮ તા.૦૬/૦૫/૨૦૧૬ અન્વયે અપીલ અરજી તા.૦૬/૦૬/૨૦૧૬ના પત્ર નં.સીસીસી/સી.ઝેડ./આઉટ/૨૧૨ થી અત્રેનાં ટ્રાફિક સેલ ખાતામાં તા.૧૬/૦૬/૨૦૧૬ ઈન.નં.૭૮૧ થી મળેલ છે. જે અપીલ અરજી તા.૧૬/૦૬/૨૦૧૬ના પત્ર નં.કોહળાબ.ળટ્રાફિક સેલ/૦૨/૨૦૧૬–૧૭ (અપીલ અરજી રજીસ્ટર મુજબ)

**ફરીયાદની હકીકત :–**

અરજદારશ્રી હુંબલ દિનેશ એ. માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદેશીને કરવામાં આવેલ હતી. જે એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સી.ઝેડ./આર.ટી.આઈ./સાઉથ/૨૯૮ તા.૦૯/૦૫/૨૦૧૬ થી સદર અરજી અત્રે ટ્રાફિક સેલમાં ઈન.નં.૪૧૭ તા.૧૧/૦૫/૨૦૧૬નાં રોજ મળેલ છે.

અરજદાર અરજીનાં મુદ્દાઓ પૈકી લાગુ પડતાં મુદ્દાઓ જેવા કે (૧) સુરતમાં ચાલતી સીટી બસનો કોન્ટ્રાકટ ધ્વારા છે કે ટેન્ડર ધ્વારા છે તેની રોજે રોજની કેટલી આવક થાય છે અને કેટલી જાવક થાય છે તેની પૂરી માહિતી અને સીટી બસનાં બસ સ્ટેન્ડ માટે જે જગ્યા અને રૂટ બસ સ્ટેન્ડ માટે જગ્યા કયા અધિકારી ધ્વારા ફાળવવામાં આવી છે તેની પૂરી માહિતી. (૨) કોહ ધ્વારા સુરતના વિકાસ માટે અને બીજા અન્ય રીતે કેટલા કામો ચાલે છે તમામ કામનું નામ, તે ટેન્ડર ધ્વારા થયેલ છે કે કોઈ કોન્ટ્રાકટ ધ્વારા તેની પૂરી વિગત તે તમામ બાબતે મુદ્દાસર માહિતી માંગેલ જેનાં અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીનાં ટ્રાફિક સેલ આ.નં.૪૫૭ તા.૩૦/૦૫/૨૦૧૬ મુજબ અરજદારને મુદ્દાસર જવાબ પાઠવી દેવામાં આવેલ છે. તેમાં મુદ્દા નં.૨માં ઉપલબ્ધ રેકર્ડ મુજબની તમામ માહિતી અન્વયે અત્રેની કચેરીએ તા.૦૨/૦૬/૨૦૧૬નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ હાજર રહી માહિતીનું નિરીક્ષણ કરવા જણાવેલ.

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે અરજદારે અરજીમાં જણાવેલ રહેઠાણનું સરનામું બદલતાં પત્ર પરત આવતાં ટેલિફોનીક જાણ કરી રૂબરૂમાં પ્રત્યુત્તર આપવામાં આવેલ તે દરમ્યાન અરજદારે સદર માહિતી માંગતી અરજી અંગે અપીલ કરતાં નાગરીક સુવિધાકેન્દ્ર સેન્ટ્રલઝોનનાં પત્ર નં.સીસીસી/સી.ઝેડ./આઉટ/૨૧૨ તા.૦૬/૦૬/૨૦૧૬ થી અત્રે ટ્રાફિક સેલમાં તા.૧૬/૦૬/૨૦૧૬નાં રોજ ઈન.નં.૭૮૧ થી મળેલ. તેનાં અનુસંધાનમાં અરજદારને ફરી ટ્રાફિક સેલનાં પત્ર નં.૬૩૩ તા.૨૮/૦૬/૨૦૧૬ થી અપીલ અરજીમાં જણાવેલ સરનામે પત્ર મોકલી તા.૦૨/૦૭/૨૦૧૬ નાં રોજ હાજર રહેવા જણાવે પરંતુ અરજદાર હાજર રહયા ન હતાં. તે પત્ર મોડો મળ્યો છે તેમ જણાવી તા.૦૫/૦૭/૨૦૧૬ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે હાજર થતાં અરજદારને તમામ મુદ્દાઓની વિસ્તૃત જાણકારી આપવામાં આવી, તેમજ દરસતાવેજી પુરાવાઓ પણ નિરીક્ષણ અર્થે આપવામાં આવેલ અને તેમાં નિરીક્ષણ કરી તેમને જોઈતી નકલ જણાવેલ તે કુલ નકલ નંગ–૩૮ નિયમાનુસાર નકલ ચાર્જ વસુલાત કરી પુરી પાડવામાં આવેલ છે.

આ તમામ બાબતોને ધ્યાને લઈ અરજદારની અપીલ અરજી બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારશ્રી હુંબલ દિનેશ એ.ની અપીલ બાબતે દરેક મુદ્દાઓ ટ્રાફિક સેલને લાગત જવાબ આપી દેવામાં આવેલ હોય તેમજ દસ્તાવેજ પુરાવા પણ પુરા પાડવામાં આવેલ છે. તેમણે માંગ્યા મુજબની માહિતી મળતાં અપીલ અરજી બાબતે સંતોષ થતાં અપીલ અરજી દફતરે કરવા સંમતિ આપેલ છે. તેથી તેમની અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ

સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

આર.વી.ગામીત
અપીલ અધિકારી
અને
કાર્યપાલક ઈજનેર

ટ્રાફિક સેલ
બીજો માળ, આંબેડકર શોપીંગ સેન્ટર,
રીંગરોડ, સુરત.
ફોન નં. : ૦૨૬૧–૨૩૫૧૬૫૨
મો.નં.૦૯૭૨૪૩૪૫૨૧૨
ઈ–મેઈલ આઈ.ડી.:–
exen.traffic@suratmunicipal.org

<u>અપીલ અરજી નં.૩</u>

ટ્રાફિક સેલ આ.નં.૬૩૬
તા.૨૯/૦૬/૨૦૧૭

**અરજદાર :–** શ્રી વિનોદભાઈ રામજી પટેલ,

**સામાવાળા :–** ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફિક સેલ, સુરત મહાનગરપાલિકા, સુરત.

**વિષયઃ–** (૧) માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી વિનોદભાઈ રામજી પટેલની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૬૧૨ તા.૧૦/૦૨/૨૦૧૬.
(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક ના પત્ર નં.સી./આરટીઆઈ/૬૧૨ તા.૧૫/૦૨/૨૦૧૬

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૬૧૨ તા.૧૦/૦૨/૨૦૧૬ અન્વયે અપીલ અરજી તા.૦૭/૦૬/૨૦૧૬ જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક મધ્યસ્થ કચેરીનાં પત્ર નં.સી/એફ.એ.પી./૪૪ તા.૧૪/૦૬/૨૦૧૬થી અત્રેના ટ્રાફિક સેલ ખાતામાં તા.૨૦/૦૬/૨૦૧૬ ઈન.નં.૮૦૮ થી મળેલ છે જે અપીલ અરજી તા.૨૦/૦૬/૨૦૧૬ કોહળાબ.ળટ્રાફિક સેલ/૦૩/૨૦૧૬–૧૭ (અપીલ અરજી રજીસ્ટર મુજબ).

**ફરીયાદની હકીકત :–**

અરજદારશ્રી વિનોદભાઈ રામજી પટેલ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ મે.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદેશીને કરવામાં આવેલ હતી. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં.સી./આરટીઆઈ/૬૧૨ તા.૧૦/૦૨/૨૦૧૬ થી સદર અરજી અત્રે ટ્રાફિક સેલમાં ઈન.નં.૩૨૫૦ તા.૧૮/૦૨/૨૦૧૬નાં રોજ મળેલ છે.

અરજદાર અરજીના મુદા નં.૧ અને ૨ માં અરજદારે ગુજરાત રાજયમાં તમામ સરકારી કર્મચારીઓને ગુજરાત રાજય સેવા વર્તણૂંક નિયમો અનુસાર સોદા, ગીફટ, રોકડ કે વસ્તુ સ્વરૂપે મેળવેલ હોય તેની માહિતી તથા અધિકારી / કર્મચારીનાં ટેકનીકલ / નોનટેકનીકલના વર્ગ–૨ અને વર્ગ–૧ની કક્ષામાં આવતાં તમામ વિભાગનાં તમામ અધિકારી / કર્મચારી ના નામ, સરનામા તથા જુના નવા રહેઠાણનાં સરનામા માંગવામાં આવેલ હતાં જે બાબતે મુદાસર માહિતી માંગેલ જેનાં અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીનાં ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં.૩૧૪૦ તા.૦૯/૦૩/૨૦૧૬ મુજબ અરજદારને મુદાસર જવાબ પાઠવી દેવામાં આવેલ છે.

અરજદારે માંગેલ માહિતીથી અસંતોષ થઈ તા.૦૭/૦૬/૨૦૧૬ ના રોજ મે.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/એફ.એ.પી./૪૪ તા.૧૪/૦૬/૨૦૧૬થી અત્રેના ટ્રાફિક સેલ ખાતામાં તા.૨૦/૦૬/૨૦ ૧૬ ઈન.નં.૮૦૮ થી મળેલ છે.

ઉપરોકત માહિતી માંગતી અરજી સંદર્ભે અરજદારને સમય મર્યાદામાં અરજદારનાં સરનામે જવાબ આપવામાં આવેલ અને તેમાં મુદા નં.૧ ટ્રાફિક સેલ વિભાગનાં પે સેન્ટર નંબર જ્ઢઘડટ માં ફરજ બજાવતા કર્મચારીઓની સ્થાવર અસ્કયામત ફોર્મ મધ્યસ્થ મહેકમ વિભાગમાં જમા કરવામાં આવેલ છે. તે અંગેની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગ માંથી મેળવવા જણાવેલ. તેમનાં મુદા નં.૨ બાબતે માંગવામાં આવેલી માહિતી આર.ટી.આઈ.એકટ ૨૦૦૫ કલમ ૮ (૧), ૮ (૧)ઈ અને ૮ (૧) જી મુજબ આપી શકાય તેમ નથી. તેમજ મુદા નં.૩,૪ અને ૫ અત્રેના વિભાગને લાગુ પડતા ન હોવાથી જવાબ આપેલ નથી. અત્રેનાં ટ્રાફિક સેલ વિભાગનાં જાહેર માહિતી અધિકારી

અને ડે.ઈજનેરશ્રી એ પાઠવેલ જવાબમાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ ૧૯ (૧) હેઠળ માહિતી મળ્યાની તારીખથી દિન–૩૦ માં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી અરજી કરવા જણાવેલ હતુ પરંતુ અરજદારશ્રીએ તા.૦૭/૦૬/૨૦૧૬નાં રોજ અપીલ અરજી કરેલ છે. જે મુદત વિત્યા બાદ કરવામાં આવેલ છે.

આ તમામ બાબતોને ધ્યાને લઈ અરજદારની અપીલ અરજી બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ટ્રાફિક સેલનાં તા.૦૯/૦૩/૨૦૧૫ નાં પત્ર નં.૩૧૪૦ થી માહિતી રજીસ્ટરએડી ધ્વારા અરજદારનાં સરનામે સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ હોય અને અરજદારે મુદત વિત્યા બાદ તા.૦૭/૦૬/૨૦૧૬ ની અપીલ અરજી બાબતે કંઈ કરવાનું રહેતું ન હોય, દફતરે કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

**આર.વી.ગામીત**
**અપીલ અધિકારી**
**અને**
**કાર્યપાલક ઈજનેર**

**ટ્રાફિક સેલ**
**બીજો માળ, આંબેડકર શોપીંગ સેન્ટર,**
**રીંગરોડ, સુરત.**
**ફોન નં. : ૦૨૬૧–૨૩૫૧૬૫૨**
**મો.નં.૦૯૭૨૪૩૪૫૨૧૨**
**ઈ–મેઈલ આઈ.ડી.:–**
**exen.traffic@suratmunicipal.org**

## <u>અપીલ અરજી નં.૪</u>

ટ્રાફિક સેલ આ.નં.૯૮૧
તા. ૦૪/૦૮/૨૦૧૬

**અરજદાર :–** કબ્દ્યવ્બ્શ્ભ્ઝબ્ર ચઈ છઝપ્દ્ય–બ(બ્રબ

**સામાવાળા :–** ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફિક સેલ, સુરત મહાનગરપાલિકા, સુરત.

**<u>વિષય:–</u>** (૧) માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી સંજયભાઈ આર. ખીનવાસરા ની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૪૧૩ તા.૨૧/૦૫/૨૦૧૬.
(૨) એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી નાગરિક સુવિધા કેન્દ્ર ના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૪૧૩ તા.૨૩/૦૫/૨૦૧૬

**સંદર્ભ:–** અરજદાર મજકુરની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૪૧૩ તા.૨૧/૦૫/૨૦૧૬ અન્વયે અપીલ અરજી કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી ટ્રાફિક સેલનાં ઈન.નં.૧૦૭૬, ૧૦૮૯ થી તા.૧૪,૧૫/૦૭/૨૦૧૬ થી મળેલ છે જે અપીલ અરજી તા.૨૧/૦૭/૨૦૧૬ કોહળાબ.બટ્રાફિક સેલ/૦૪/૨૦૧૬–૧૭ (અપીલ અરજી રજીસ્ટર મુજબ).

**ફરીયાદની હકીકત :–**

અરજદારશ્રી સંજયભાઈ આર. ખીનવાસરાની માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ મે.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદેશીને કરવામાં આવેલ હતી. જે જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ નાગરિક સુવિધા કેન્દ્ર ના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૪૧૩ તા.૨૩/૦૫/૨૦૧૬ થી સદર અરજી અત્રે ટ્રાફિક સેલમાં ઈન.નં.૫૮૯ તા.૨૫/૦૫/૨૦૧૬નાં રોજ મળેલ છે.

અરજદાર અરજીના મુદા નં.૧ થી ૪ માં અરજદારે સુરત મહાનગરપાલિકામાં " ન્યુકલીયોનીકસ " કંપની પુનાએ ટ્રાફિક સેલમાં સને ૨૦૦૮ થી ૨૦૧૩ સુધી વેરીએબલ મેસેજ સર્વિસબોર્ડ તથા ટાઈમ એન્ડ ટેમ્પરેચર બોર્ડે સપ્લાય, ઈન્સ્ટોલેશન એન્ડ મેઈન્ટેનન્સની કામગીરી અને ટ્રાફિક સીગ્નલ જંકશનોનું સને ૨૦૧૦ થી ૨૦૧૩ સુધી સીગ્નલ જંકશનોનું રીપેરીંગનું કામકાજ કરવાના કોન્ટ્રાકટ માટે સીકયુરીટી ડીપોઝીટ જમા કરાવેલ તે કોન્ટ્રાકટ સને ૨૦૧૩ માં પૂર્ણ થઈ ગયેલ હોવા છતાં આજદિન સુધી સીકયુરીટી ડીપોઝીટ કેમ છુટી કરવામાં આવી નથી તે અંગેની માહિતી માંગવામાં આવેલ હતી. જે બાબતે મુદ્દાસર માહિતી માંગેલ જેનાં અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીનાં ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં.૫૭૨ તા.૧૬/૦૬/૨૦૧૬ મુજબ અરજદારને તેના સરનામે મુદાસર જવાબ પાઠવી દેવામાં આવેલ છે.

અરજદારે માંગેલ માહિતીથી અસંતોષ થઈ તા.૧૪/૦૭/૨૦૧૬ ના રોજ ઈ–મેઈલથી તથા તા.૧૫/૦૭/૨૦૧૬ નાં રોજ ટપાલ ધ્વારા કાર્યપાલક ઈજનેર, ટ્રાફિક સેલ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે ટ્રાફિક સેલ ઈન.નં.૧૦૭૬ અને ૧૦૮૯ થી મળેલ છે.

ઉપરોકત માહિતી માંગતી અરજી સંદર્ભે અરજદારને સમય મર્યાદામાં અરજદારનાં સરનામે જવાબ આપવામાં આવેલ અને તેમાં મુદા નં.૧ ટ્રાફિક સેલ વિભાગનાં કોન્ટ્રાકટનાં કામોમાં જે તે કામનું ફાઈનલ બીલ ઓડીટ થયા બાદ કામની ડીફેકટ લાયેબીલીટી પૂર્ણ થયા બાદ સીકયુરીટી ડીપોઝીટ ઈજારદારને પરત કરવામાં આવે છે. તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ જે તે કામનાં સફળ ઈજારદાર ધ્વારા સીકયુરીટી ડીપોઝીટ ભરપાઈ કર્યા બાદ અર્નેસ્ટ મની ડીપોઝીટ ઈજારદારને પરત કરવામાં આવે છે. તેમ જણાવેલ પરંતુ અરજદારે અપીલ અરજીમાં રૂબરૂ મળી મને સાંભળવા જણાવેલ તેના આધારે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, ટ્રાફિક સેલનાં આ.નં.૮૬૨

તા.૨૧/૦૭/૨૦૧૬ના પત્રથી તા.૨૮/૦૭/૨૦૧૬નાં રોજ બપોરે ૪.૦૦ કલાકે હાજર રહેવા જણાવેલ પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે હાજર રહી શકાય તેમ નથી, એમ જણાવી પત્ર ધ્વારા જણાવતાં તા.૨૯/૦૭/૨૦૧૬નાં રોજ બપોરે ૪.૦૦ કલાકે હાજર રહયા હતાં. અરજદાર ધ્વારા માંગેલ માહિતી રેકર્ડની ચકાસણી કરતાં સદર કામનાં ફાયનલ બીલ બનાવેલ ન હોઈ સીકયુરીટી ડીપોઝીટ છુટી કરવામાં આવેલ નથી. જે બાબતે ઈજારદારે બાકી રહેતી મેઈન્ટેનન્સની રકમ જતી કરી ફકત સીકયુરીટી ડીપોઝીટ છુટી કરવા જણાવેલ હોઈ અને તે સમયનાં વાયરમેન / જુની.ઈજનેરશ્રીને એક મહિનામાં ફાઈનલ બીલ બનાવી સીકયુરીટી ડીપોઝીટ છુટી કરવાની સુચના આપવામાં આવી. અરજદારને રૂબરૂ સુનાવણીમાં પુરતી સમજ આપવામાં આવતાં તેમને સંતોષ થયો હતો.

આ તમામ બાબતોને ધ્યાને લઈ અરજદારની અપીલ અરજી બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારશ્રી સંજયભાઈ આર. ખીનવાસરા અપીલ અરજી તથા રૂબરૂ સુનાવણીમાં રજુ કરવામાં આવેલ દરેક પ્રશ્નોનાં અત્રેનાં ટ્રાફિક સેલનાં જવાબથી સંતોષ થતાં તેમણે કરેલ અપીલ અરજી દફતરે કરવાની સંમતી દર્શાવતાં તેમની અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

અપીલ અરજીનં.:– ટ્રાફિક સેલ /પ્ર.અ/૮,
તા.૦૯/૦૨/૨૦૧૭

**અરજદાર :** શ્રી હુંબલ દિનેશ અરજણભાઈ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરશ્રી

**ફરીયાદની હકીકત :–**

| | |
|---|---|
| **વિષય :–** | અરજદારશ્રી હુંબલ દિનેશ અરજણભાઈ, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં. ૫૧,તા.૧૦/૦૧/૨૦૧૭ ની અરજીથી મુદા નં(૧) ટ્રાફિક સેલ ધ્વારા કુલ કેટલા કામો ચાલુ છે તમામ કામની વર્કઓર્ડરની કોપી આપવી.(૨)તમામ કામોનુ સાઈડ એડ્રેસ આપવુ.તમામ કામોનુ માલ મટિરીઅલ જે જગ્યાએ રાખવામાં આવે છે તેનુ સરનામુઆપવુંજે જગ્યા સરકારી છે તેનુ કોન્ટ્રાકટર ધ્વારા કેટલુ ભાડુ ચુકવવામાં આવે છે અનેજે ગોડાઉન તરીકે ઉપયોગ થઈ રહયો છે તેમાં કયા કયા પ્રકારની વ્યવસ્થા છે અને કયા પ્રકારની વ્યવસ્થા હોવી જોઈએતેના નિયમોની ખરી નકલ આપવી. (૩) જે કામમાં ચઈહઈહઈ (સિમેન્ટ, કોંક્રિટ અને રેતી)નો ઉપયોગ થઈ રહયો છે તેમાં પાયાથી (નીચેથી) લઈ ઉપર સુધીમાં કયા કયા ગ્રેડનો ઉપયોગ કઈ કઈ જગ્યાએ થવાનો છે તેની પુરી માહિતી આપવી(દા.ત. પાયામાં ેઢ×ડ સ્લેબમાં ેઢ×૫૯ (૪) તમામ કામોમાં જે જગ્યાએ લોખંડનો ઉપયોગ થવાનો છે તે તમામ નુ લોખંડ કેટલા ગેપમાં અને કેટલુ લેપીંગ રાખવામાં આવે છે તે તમામ કામોનો લોખંડનો માપ સાઈઝનું ડ્રોઈગ આપવું(૫) તમામ કામોમાં ચઈહઈહઈ નુ મિશ્રણ કઈ પધ્ધતિથી કરવાનુ હોય છે તેના નિયમોની ખરી નકલ આપવી. (૬) જે કામોમાં મિલરથી ચઈહઈહઈ મિશ્રણ કરવામાં આવે છે તેમાં ગ્રેડની માપ સાઈઝ કઈ રીતે નકકી કરવામાં આવે છે તમામ ગ્રેડ ની સામે કેટલા તગારા સિમેન્ટ કેટલા તગારા રેતી અને કપચી રાખવી તેની તમામ ગ્રેડની પુરી માહિતી અને સરકારના તેના વિષયક નિતિ નિયમોની ખરી નકલ આપવી.(૭) જે ચાલુ કામોમાં ટેસ્ટ કયુબમાં જે ચઈહઈહઈ માલ ભરવામાં આવે છે તે માલ કયા અધિકારી ધ્વારા કે તેની હાજરીમાં ભરવામાંઆવે છે તેની માહિતી આપવી . (૮) કોઈ સરકારી અધિકારીની ગેરહાજરીમાં ટેસ્ટ કયુબ ભરવામાં આવે તો તે માન્ય ગણાય કે નહીં તેના નિયમોની ખરી નકલ આપવી (૯)સેલમાં જે ચઈહઈહઈ બોક્ષ બનાવવામાં નબળી ગુણવતાનો માલ વપરાય છે તેની ફરિયાદ હંબલ દિનેશ ધ્વારા કરવામાં આવી તેના પર કયા કયા પગલા લેવામાં આવ્યા અને કયા પ્રકારની તેમાં તપાસ કરવામાં આવી કયા કયા અધિકારીઓ ધ્વારા અને કયા પ્રકારની ગેરરીતી સામે આવી તેની માહિતી આપવી. (૧૦) ટ્રાફિક સેલ ધ્વારા ૦૧/૦૧/૨૦૧૪ થી લઈ અત્યાર સુધીમાં ઓલ સુરતમાં કેટલા અને કઈ કઈ જગ્યાએ ચઈહઈહઈ બોક્ષ બનાવવામાં આવ્યા છે અને તેને એક બોક્ષદીઠ કેટલી રકમ ચુકવવામાં આવી છે૨૦૧૪થી અત્યાર સુધી તમામની વર્ક ઓર્ડર કોપી આપવી અને તમામ કામમાં નિરિક્ષણનુ કામ કયા અધિકારી ધ્વારા કરવામાં આવતુ તે તમામ અધિકારીના નામ અને હોદાની માહિતી આપવી અને તે બોક્ષ બનાવવામા કેટલી રકમ ખર્ચ કરવામાં આવી તેની માહિતી આપવી (૧૧) ટ્રાફિક સેલ ધ્વારા ઓલ સુરતમાંતમામ ઝોનવાઈઝ કેટલા બસ સ્ટોપ બનાવવાના છે તેમા ઝોન વાઈઝ માહિતી આપવી (૧૨) કુલ કેટલી સીટી બસ ખરીદવાનુ આયોજન છે તેમાં એક સીટી બસની કિંમત કેટલી છે? કેટલી એવરેજ આપે છેઅને તેના મેઈન્ટેન્સની જવાબદારી કેટલા વર્ષની છે તેની માહિતી આપવી (૧૩) ખચતક ધ્વારા જે કિંમતના તમામ ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા તે રકમ કરતા કેટલો ખર્ચ પ્લસ–માઈનસ કરી શકાય તેના નિયમોની ખરી નકલ આપવી (૧૪) વરાછા ઝોનમાં ચાલતા બસ સ્ટોપનું ખફ્ષ આપવી વિગેરેની માહિતી આપવા બાબત |

| | | |
|---|---|---|
| **સંદર્ભ :–** | (૧) | અરજદારની આઈ.ડી.નં.૫૧, તા.૧૦/૦૧/૨૦૧૭ નાં રોજની મૂળ અરજી. |
| | (૨) | અરજદારની તા.૦૯/૦૨/૨૦૧૭ ના રોજની પ્રથમ અપીલ અરજી. |
| | (૩) | જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા અરજદારને પાઠવેલ જવાબનો પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૨૦૭૫ તા.૦૯/૦૨/૨૦૧૭ |
| | (૪) | અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર ધ્વારા અરજદારને અપીલની સુનાવણી માટે બોલાવેલ પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૨૨૦૨ તા.૦૩/૦૩/૨૦૧૭ |

અરજદાર શ્રી હુંબલ દિનેશ અરજણભાઈ, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં. ૫૧, તા.૧૦/૦૧/૨૦૧૭ ની અરજીથી મુદા નં(૧) ટ્રાફિક સેલ ધ્વારા કુલ કેટલા કામો ચાલુ છે તમામ કામની વર્કઓર્ડરની કોપી આપવી.(૨)તમામ કામોનુ સાઈડ એડ્રેસ આપવુ.તમામ કામોનુ માલ મટિરીઅલ જે જગ્યાએ રાખવામાં આવે છે તેનુ સરનામુઆપવુંજે જગ્યા સરકારી છે તેનુ કોન્ટ્રાકટર ધ્વારા કેટલુ ભાડુ ચુકવવામાં આવે છે અનેજે ગોડાઉન તરીકે ઉપયોગ થઈ રહયો છે તેમાં કયા કયા પ્રકારની વ્યવસ્થા છે અને કયા પ્રકારની વ્યવસ્થા હોવી જોઈએતેના નિયમોની ખરી નકલ આપવી. (૩) જે કામમાં ચઈહઈહઈ (સિમેન્ટ, કોંક્રિટ અને રેતી)નો ઉપયોગ થઈ રહયો છે

તેમાં પાયાથી (નીચેથી) લઈ ઉપર સુધીમાં કયા કયા ગ્રેડનો ઉપયોગ કઈ કઈ જગ્યાએ થવાનો છે તેની પુરી માહિતી આપવી(દા.ત. પાયામાં ેઢ×ડ સ્લેબમાંેઢ×પ૯ (૪) તમામ કામોમાં જે જગ્યાએ લોખંડનો ઉપયોગ થવાનો છે તે તમામ નુ લોખંડ કેટલા ગેપમાં અને કેટલુ લેપીંગ રાખવામાં આવે છે તે તમામ કામોનો લોખંડનો માપ સાઈઝનું ડ્રોઈંગ આપવું(પ) તમામ કામોમાં ચઈહઈહઈ નુ મિશ્રણ કઈ પધ્ધતિથી કરવાનુ હોય છે તેના નિયમોની ખરી નકલ આપવી. (૬) જે કામોમાં મિલ ચઈહઈહઈ મિશ્રણ કરવામાં આવે છે તેમાં ગ્રેડની માપ સાઈઝ કઈ રીતે નકકી કરવામાં આવે છે તમામ ગ્રેડ ની સામે કેટલા તગારા સિમેન્ટ કેટલા તગારા રેતી અને કપચી રાખવી તેની તમામ ગ્રેડની પુરી માહિતી અને સરકારના તેના વિષયક નિતિ નિયમોની ખરી નકલ આપવી.(૭) જે ચાલુ કામોમાં ટેસ્ટ કયુબમાં જે ચઈહઈહઈ માલ ભરવામાં આવે છે તે માલ કયા અધિકારી ધ્વારા કે તેની હાજરીમાં ભરવામાંઆવે છે તેની માહિતી આપવી (૮) કોઈ સરકારી અધિકારીની ગેરહાજરીમાં ટેસ્ટ કયુબ ભરવામાં આવે તો તે માન્ય ગણાય કે નહીં તેના નિયમોની ખરી નકલ આપવી (૯)સેલમાં જે ચઈહઈહઈ બોક્ષ બનાવવામાં નબળી ગુણવતાનો માલ વપરાય છે તેની ફરિયાદ હંબલ દિનેશ ધ્વારા કરવામાં આવી તેના પર કયા કયા પગલા લેવામાં આવ્યા અને કયા પ્રકારની તેમાં તપાસ કરવામાં આવી કયા કયા અધિકારીઓ ધ્વારા અને કયા પ્રકારની ગેરરીતી સામે આવી તેની માહિતી આપવી (૧૦) ટ્રાફિક સેલ ધ્વારા ૦૧/૦૧/૨૦૧૪ થી લઈ અત્યાર સુધીમાં ઓલ સુરતમાં કેટલા અને કઈ કઈ જગ્યાએ ચઈહઈહઈ બોક્ષ બનાવવામાં આવ્યા છે અને તેને એક બોક્ષદીઠ કેટલી રકમ ચુકવવામાં આવી છે૨૦૧૪થી અત્યાર સુધી તમામની વર્ક ઓર્ડર કોપી આપવી અને તમામ કામમાં નિરિક્ષણનુ કામ કયા અધિકારી ધ્વારા કરવામાં આવતુ તે તમામ અધિકારીના નામ અને હોદાની માહિતી આપવી અને તે બોક્ષ બનાવવામા કેટલી રકમ ખર્ચ કરવામાં આવી તેની માહિતી આપવી (૧૧) ટ્રાફિક સેલ ધ્વારા ઓલ સુરતમાંતમામ ઝોનવાઈઝ કેટલા બસ સ્ટોપ બનાવવાના છે તેમા ઝોન વાઈઝ માઅિતી આપવી (૧૨) કુલ કેટલી સીટી બસ ખરીદવાનુ આયોજન છે તેમાં એક સીટી બસની કિંમત કેટલી છે? કેટલી એવરેજ આપે છે ? અને તેના મેઈન્ટેન્સની જવાબદારી કેટલા વર્ષની છે ? તેની માહિતી આપવી (૧૩) ખચતક ધ્વારા જે કિંમતના તમામ ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા તે રકમ કરતા કેટલો ખર્ચ પ્લસ–માઈનસ કરી શકાય તેના નિયમોની ખરી નકલ આપવી (૧૪) વરાછા ઝોનમાં ચાલતા બસ સ્ટોપનું ખફ્ષ આપવી ની નિયત સમય મર્યાદામાં જવાબ/માહિતી ન મળેલ હોવાનું જણાવી નારાજ થઈ તા.૩૧/૦૧/૨૦૧૭ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

અરજદારની મૂળ અરજીના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર, ટ્રાફિક સેલ ધ્વારા પત્ર નં.ટ્રાફિક સેલ/આઉટવર્ડ/૨૦૭પ, તા.૦૯/૦૨/૨૦૧૭ ના રોજથી સમય મર્યાદા બાદ જવાબ/માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૨૨૦૨ તા.૦૩/૦૩/૨૦૧૭ થી અરજદારને તા.૧૦/૦૩/૨૦૧૭ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે ૧૧.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદાર શ્રી હુંબલ દિનેશ અરજણભાઈ હાજર રહેલ હતા તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર હાજર રહેલ હતા.

**અરજદારની રજુઆત :–** જવાબ સમય મર્યાદા બાદ મળેલ છે. રેકર્ડની તપાસ કરવા આપવી જોઈએ. અરજી ટ્રાન્સફર અપીલ કર્યા બાદ કરેલ છે. મુદા નં ૧ થી ૬ માટે રેકર્ડ ની તપાસ કરવા માંગે છે. મુદા નં ૭,૮,૧૧, ૧૨ અને ૧૪ નાં જવાબ મળેલ છે જેનાથી તેમને સંતોષ છે. મુદા નં ૯ અને ૧૦ ના જવાબથી તેમને અસંતોષ છે.

**જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરની રજુઆત:–** મુદા નં ૧ થીપાસ હુકમ અન્વયે આપવા જણાવેલ. મુદા નં ૭ અને ૮ રેકર્ડ તપાસ હેઠળ સમાવેશ થઈ જશે.મુદા નં ૯ અનં ૧૦ માટે ભવિષ્યમાં અરજદારને સમજ આપી કાર્યવાહી કરવામાં આવશે.

**–: હુકમ :–**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ.ડી.નં.૫૧, તા.૧૦/૦૧/૨૦૧૭ નાં રોજની મૂળ અરજી અન્વયે પ્રથમ અપીલ નં.૮, તા.૦૯/૦૨/૨૦૧૭ કરવામાં આવેલ, અરજદારની મૂળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર દ્વારા પત્ર નં.ટ્રાફિક સેલ/આઉટવર્ડ/૨૦૭૫, તા.૦૯/૦૨/૨૦૧૭ થી સમય મર્યાદા બાદ અરજદારને જવાબ/માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પૂરી પડાયેલ માહિતી સમય મર્યાદા બાદ પૂરી પડાયેલ હોય ભવિષ્યમાં સમય મર્યાદામાં પૂરી પાડવા તકેદારી રાખવા તાકીદ કરવામાં આવે છે. અરજદારને રૂબરૂ સુનાવણી દરમિયાનની રજુઆત ધ્યાને લેતા અરજદારને દિન–૭ માં રેકર્ડ ચકાસણી આપવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. રેકર્ડ ચકાસણી દરમિયાન અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીની નકલ મૂળ અરજીથી માંગવામાં આવેલ માહિતીની મર્યાદામાં વિનામૂલ્યે અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય, તો. મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

(જે.એમ.દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

ટ્રાફિકસેલ/આઉટ વર્ડ /નં–૨૩૧૩
તા.૧૬/૦૩/૧૭

ટ્રાફિક સેલ/પ્રથમ અપીલ/હુકમ/ આ.નં./ ૨૨૭૨
તા.૦૯/૦૩/૧૭

**અરજદારઃ**
શ્રી અમીત ધીરજભાઈ મહેતા.

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ટ્રાફિક સેલ.

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ** માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી અમીત ધીરજભાઈ મહેતા ની અરજી નં.૭૦૨. તા.૧૫/૧૧/૨૦૧૬ અન્વયે કરેલ પ્રથમ અપીલ બાબત.

**સંદર્ભઃ** (૧)અરજદાર મજકુરની અરજી આઈ.ડી.નં.૭૦૨. તા.૧૫/૧૧/૨૦૧૬.
(૨)ટ્રાફિક સેલ/આર.ટી.આઈ./ઈનવર્ડ નં.૨૩૮૩. તા.૨૩/૧૧/૨૦૧૬.
(૩)અત્રેનાં ખાતાનો જવાબ પત્રનં.ટ્રાફિક સેલ/આ.નં.૧૬૯૭.તા.૦૭/૧૨/૨૦૧૬.
(૪)જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક સેન્ટ્રલ ઓફિસનો પત્રનં.સી/એફ.એ.પી/૧૫૧. તા.૨૫/૦૧/૨૦૧૭ થી તબદીલ થયેલ.
(૫)અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી સુ.મ.પા/ટ્રાફિક સેલ/અપીલ અરજી નં.૯ તા.૧૦/૦૨/૨૦૧૭.
(૬)અપીલ અધિકારીશ્રી ધ્વારા પત્ર નં.ટ્રાફિક સેલ/આ.નં.૨૧૫૯, તા.૨૩/૦૨/૨૦૧૭ થી રૂબરૂ સુનવણી માં હાજર રહેવા બાબતનો પત્ર.
(૭)અપીલ અધિકારીશ્રી ધ્વારા તા.૦૩/૦૩/૨૦૧૭ની રૂબરૂ સુનવણી.

ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે આપશ્રી ની સંદર્ભ (૧) મુજબની માહીતી માંગતી અરજી તબદીલ થઈ અત્રેનાં ખાતામાં સંદર્ભ (૨) મુજબ મળેલ હતી. સંદર્ભ (૩) મુજબ જાહેર માહિતી અધિકારી તરફ થી "નમૂનો–ગ" ધ્વારા અરજદારને તેમની માંગણી મુજબ માહિતી પુરી પાડવામાં આવેલ તેમ છતા સંદર્ભ (૪) મુજબ આપશ્રી ધ્વારા તેના થી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ જે તબદીલ થઈ સંદર્ભ (૫) મુજબ અત્રેનાં ખાતાને મળેલ. સંદર્ભ (૬) મુજબ અરજદારને સંતોષ મળી રહે તે માટે અરજદાર મજકુરને તા. તા.૦૩/૦૩/૨૦૧૭ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અપીલ અધિકારીશ્રી સમક્ષ રજુઆત માટે તેમજ તેમને સાંભળવા માટે ઉપસ્થિત રહેવા જણાવેલ પરંતુ આપશ્રી હાજર રહેલ નથી, તેમ છતા આપશ્રી ને જે માહિતીની જરૂર લાગતી હોય તે અંગે જાહેર માહિતી અધિકારીશ્રીને રૂબરૂ મળી આપશ્રીની રજુઆત યોગ્ય જણાય તો તે મુજબ માહિતી દિન–૭ માં મેળવી લેશો.આર.ટી.આઈ. એકટનાં માહીતી અધિકારી અધિનિયમ–૨૦૦૫ મુજબ કોઈ પણ પ્રથમ અપીલ નો ચુકાદો દિન–૩૦માં અપીલ અધિકારી એ અરજદારને આપી દેવાનો હોઈ અરજદારની અપીલ સંદર્ભે ઉપરોકત તમામ હકીકત ધ્યાનમાં લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારશ્રી અમીત ધીરજભાઈ મહેતા ની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૭૦૨ તા.૧૫/૧૧/૨૦૧૬ મુજબ ટ્રાફિક સેલનાં જાહેર માહિતી અધિકારી તરફ થી અરજદારને માંગણી મુજબ માહિતી પુરી પાડવામાં આવેલ હોવા છતા પણ જો તેઓને આ મળેલ માહિતી/જવાબ બાબતે જો કોઈ અસંતોષ હોઈ તેઓની પ્રથમ અપીલ અન્વયે અત્રે રૂબરૂ તા.૦૩/૦૩/૨૦૧૭ ના રોજ સુનાવણીમાં હાજર રહેવા તા.૨૩/૦૨/૨૦૧૭ થી લેખીત જાણ કરેલ જેમાં અરજદાર હાજર રહેલ નથી તેઓને આ હુકમ મળ્યે થી દિન–૭માં ટ્રાફિક સેલનાં સંબંધિત જાહેર માહિતી અધિકારીને રૂબરૂ મળી મેળવી લેવાની રહેશે અને અરજદારની આવી કોઈ માંગણી મળ્યેથી સંબંધિત જાહેર માહિતી અધિકારી એ તેઓની માંગણી **યોગ્ય જણાય તો** ગ્રાહય રાખી તે મુજબ માહિતી પૂરી પાડવાની રહેશે. આ સાથે **મજકુર અરજદારની પ્રથમ અપીલ અરજીનો સુ.મ.પા/ટ્રાફિક સેલ એફ.એ.પી. નં.૯** તા.૧૦/૦૨/૨૦૧૭ નો નિકાલ કરવામાં આવે છે.

(જે.એમ.દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

અપીલ અરજીનં.:– ટ્રાફિક સેલ /પ્ર.અ./૧૦,
તા.૧૫/૦૩/૨૦૧૭

**અરજદાર :** શ્રી પ્રવિણ તુલશ્યાન

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરશ્રી

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષય :–** અરજદાર શ્રી પ્રવિણ તુલશ્યાન, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં. ૬૧, તા.૨૩/૦૨/૨૦૧૭ ની અરજીથી મુદા નં (૧) સુ.મ.પા. ધ્વારા મેઈન રોડ પર રોડની વચ્ચે જે ડિવાઈડર બનાવવામાં આવે છે, તે રોડ ડિવાઈડર બનાવવાના સુ.મ.પા.ના રૂલ્સ,રેગ્યુલેશન અને પોલીસીની નકલ આપવી.(૨) આ રોડ ડિવાઈડરને બનાવવા માટે સુ.મ.પા. ધ્વારા અપનાવવામાં આવેલ પ્રોસીજરની જાણકારી આપવી. (૩) રોડ ડિવાઈડર બનાવવાના કામ માટે સુ.મ.પા. કોઈ નકશાનો ઉપયોગ કરે છે કે કેમ? તેની જાણકારી આપવી.(૪) રોડ ડિવાઈડર રોડની વચ્ચે જ બનાવે છે,તેની જાણકારી આપવી.(૫) સુ.મ.પા. ધ્વારા બનાવવામાં આવતાં રોડ ડિવાઈડરની બંને બાજુ તરફ રોડ સરખાં રાખવામાં આવે છે કે કેમ? તેની વિશેષ જાણકારી આપવી.(૬) રોડ ડિવાઈડરની વચ્ચે જે કટસ રાખવામાં આવે છે તેની પૂરી માહિતી આપવી અન તે કટસ કયા આધાર પર મુકવામાં આવે છે? તેની માહિતી આપવી.(૭) મજુરા ફાયર સ્ટેશનથી ભટાર ચાર રસ્તા સુધીના રોડ ડિવાઈડર બનેલો છે,તે કયા વર્ષમાં બનાવવામાં આવ્યો છે અને તેને બનાવવામાં મહાનગરપાલિકા ધ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ ? તેની વિસ્તૃત માહિતી આપવી.(૮) મજુરા ફાયર સ્ટેશનથી ભટાર ચાર રસ્તા સુધી જે રોડ ડિવાઈડર બનેલો છે,રોડ ડિવાઈડરની વચ્ચે જે કટસ છોડવામાં આવેલ છે તેની પૂરી માહિતી આપવી.(૯) મજુરા ફાયર સ્ટેશનથી ભટાર ચાર રસ્તા સુધીનો રોડ ડિવાઈડર બનેલો છે,તેના નકશાની નકલ આપવા વિનંતી.(૧૦) મજુરા ફાયર સ્ટેશનથી ભટાર ચાર રસ્તા સુધી જે રોડ ડિવાઈડર બનેલો છે,તે કયા સમક્ષ અધિકારીના ઓર્ડરથી બનાવવામાં આવેલ છે તેની નકલ આપવા વિનંતી.

**સંદર્ભ :–**
(૧) અરજદારની આઈ.ડી.નં.૬૧, તા.૨૩/૦૨/૨૦૧૭ નાં રોજની મૂળ અરજી.
(૨) અરજદારની તા.૧૫/૦૩/૨૦૧૭ ના રોજની પ્રથમ અપીલ અરજી.
(૩) જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૨૨૪૫ તા.૦૭/૦૩/૨૦૧૭ થી અરજી સા.વેસ્ટ ઝોન(અઠવા)ને તબદીલી અંગેનો પત્ર
(૪) જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા અરજદારને પાઠવેલ જવાબનો પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં./ ૨૨૪૬ તા.૦૭/૦૩/૨૦૧૭
(૫) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર ધ્વારા અરજદારને અપીલની સુનાવણી માટે બોલાવેલ પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૨૩૫૩ તા.૨૦/૦૩/૨૦૧૭

અરજદાર શ્રી પ્રવિણ તુલશ્યાન, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં. ૬૧, તા.૨૩/૦૨/૨૦૧૭ ની અરજીથી મુદા નં (૧) સુ.મ.પા. ધ્વારા મેઈન રોડ પર રોડની વચ્ચે જે ડિવાઈડર બનાવવામાં આવે છે, તે રોડ ડિવાઈડર બનાવવાના સુ.મ.પા.ના રૂલ્સ,રેગ્યુલેશન અને પોલીસીની નકલ આપવી.(૨) આ રોડ ડિવાઈડરને બનાવવા માટે સુ.મ.પા. ધ્વારા અપનાવવામાં આવેલ પ્રોસીજરની જાણકારી આપવી. (૩) રોડ ડિવાઈડર બનાવવાના કામ માટે સુ.મ.પા. કોઈ નકશાનો ઉપયોગ કરે છે કે કેમ? તેની જાણકારી આપવી.(૪) રોડ ડિવાઈડર રોડની વચ્ચે જ બનાવે છે,તેની જાણકારી આપવી.(૫) સુ.મ.પા. ધ્વારા બનાવવામાં આવતાં રોડ ડિવાઈડરની બંને બાજુ તરફ રોડ સરખાં રાખવામાં આવે છે કે કેમ? તેની વિશેષ જાણકારી આપવી.(૬) રોડ ડિવાઈડરની વચ્ચે જે કટસ રાખવામાં આવે છે તેની પૂરી માહિતી આપવી અન તે કટસ કયા આધાર પર મુકવામાં આવે છે? તેની માહિતી આપવી.(૭) મજુરા ફાયર સ્ટેશનથી ભટાર ચાર રસ્તા સુધીના રોડ ડિવાઈડર બનેલો છે,તે કયા વર્ષમાં બનાવવામાં આવ્યો છે અને તેને બનાવવામાં મહાનગરપાલિકા ધ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ ? તેની વિસ્તૃત માહિતી આપવી.(૮) મજુરા ફાયર સ્ટેશનથી ભટાર ચાર રસ્તા સુધી જે રોડ ડિવાઈડર બનેલો છે,રોડ ડિવાઈડરની વચ્ચે જે કટસ છોડવામાં આવેલ છે તેની પૂરી માહિતી આપવી.(૯) મજુરા ફાયર સ્ટેશનથી ભટાર ચાર રસ્તા સુધીનો રોડ ડિવાઈડર બનેલો છે,તેના નકશાની નકલ આપવા વિનંતી.(૧૦) મજુરા ફાયર સ્ટેશનથી ભટાર ચાર રસ્તા સુધી જે રોડ ડિવાઈડર બનેલો છે,તે કયા સમક્ષ અધિકારીના ઓર્ડરથી બનાવવામાં આવેલ છે તેની નકલ આપવા વિનંતી. સદર અરજીથી પાઠવેલ જવાબ/માહિતીથી અસંતોષ હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૫/૦૩/૨૦૧૭ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

અરજદારની મૂળ અરજીના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર, ટ્રાફિક સેલ ધ્વારા પત્ર નં.ટ્રાફિક સેલ/આઉટવર્ડ/૨૨૪૫ તા.૦૭/૦૩/૨૦૧૭ થી અરજી સા.વેસ્ટ ઝોન(અઠવા), સુરત મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવેલ. તથા પત્ર નં..ટ્રાફિક સેલ/આઉટવર્ડ/૨૨૪૬, તા.૦૭/૦૩/૨૦૧૭ ના રોજ જવાબ પાઠવવામાં આવેલ છે.

અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૨૩૫૩, તા.૨૦/૦૩/૨૦૧૭ થી અરજદારને તા.૩૧/૦૩/૨૦૧૭ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે ૧૧.૦૦

કલાકે હાજર  રહેવા  જણાવવામાં આવેલ.જે બાબતે  અરજદારશ્રી પ્રવિણ તુલ્સીઅન હાજર રહેલ  હતા તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર હાજર રહેલ હતા.

**<u>અરજદારની રજુઆત</u> :–** સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) ખાતે કયા કયા મુદા ટ્રાન્સફર કરેલ છે તેની સ્પષ્ટ વિગતો આપેલ નથી. જે માહિતી માંગી છે તે મળેલ નથી. માહિતી વિનામૂલ્યે વિભાગમાંથી આપવી

**<u>જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરની રજુઆત</u>:–** સદર અરજીના ૧ થી ૧૦ સુધીના તમામ મુદા અઠવાઝોનને લાગત હોય ટ્રાન્સફર કરેલ છે.માહિતી ઉપ્લબ્ધ નથી. સદર અરજી ઝોનને તબદીલ કરેલ હોય તો તે ઝોન પણ માહિતી આપી શકે છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની  આઈ.ડી.નં.૬૧,  તા.૨૩/૦૨/૨૦૧૭ નાં રોજની મૂળ અરજી  અન્વયે પ્રથમ અપીલ  નં.૧૦, તા.૧૫/૦૩/૨૦૧૭ કરવામાં આવેલ, અરજદારની મૂળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર દ્વારા પત્ર નં.ટ્રાફિક સેલ/આઉટવર્ડ/૨૨૪૫ તા.૦૭/૦૩/૨૦૧૭ થી અરજી સા.વેસ્ટ ઝોન(અઠવા), સુરત મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવેલ. તથા પત્ર નં..ટ્રાફિક સેલ/આઉટવર્ડ/૨૨૪૬, તા.૦૭/૦૩/૨૦૧૭ ના રોજ જવાબ પાઠવવામાં આવેલ છે. રૂબરૂ સુનાવણી દરમિયાનની અરજદાર તથા જાહેર માહિતી અધિકારીની રજુઆત ધ્યાને લેતા અરજદારની મુળ અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરશ્રી, સા.વેસ્ટઝોન(અઠવા), સુરત મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવેલ હોય, સંબંધિત જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય, તો. મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને  દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

(જે.એમ.દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

ટ્રાફિકસેલ/આઉટ વર્ડ /નં–૦૧
તા.૦૭/૦૪/૧૭